EDII

Divya Bhaskar

January 17, 2023
Page No. 03

### નેશનલ સ્ટાર્ટઅપ ડેની બે દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ સ્ટાર્ટઅપ પોતાના આઈડિયા શેર કરશે

# EDIIની 'ઇમ્પ્રેસારિયો' ઇવેન્ટમાં 60 સ્ટાર્ટઅપ જોડાયાં, મોટા ભાગે ખેતી, મહિલાઓની સમસ્યા સંબંધિત પ્રોડક્ટ રજૂ કરાઈ

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) માં નેશનલ સ્ટાર્ટઅપ ડેની ઉજવણી કરાઈ હતી, જેમાં અમદાવાદ ઉપરાંત દેશભરમાંથી 60 સ્ટાર્ટઅપ જોડાયા હતા, જેમાં મોટા ભાગના સ્ટાર્ટઅપ ખેતી અને સસ્ટેનેબિલિટી સાથે જોડાયેલા હતા, જ્યારે અમુક સ્ટાર્ટઅપમાં મહિલાઓની સુંદરતા, સ્વાસ્થ્યને ધ્યાને રાખીને પોતાની પ્રોડક્ટને રજૂ કરાઈ હતી.

બે દિવસના ફેસ્ટિવલ દરમિયાન વિવિધ સ્ટાર્ટઅપ પોતાના આઈડિયા શેર કરશે. ઉપરાંત દેશના જાણીતા બિઝનેસ અને સ્ટાર્ટઅપના તજજ્ઞ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

ઈડીઆઈઆઈની વાર્ષિક ઈવેન્ટ ઈમ્પ્રેસારીયોના ઉદઘાટન પ્રસંગે રાજ્યના ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત સક્રિય મર્જર નીતિઓ, મજબૂત સંસ્થાગત માળખા અને ખાનગી ક્ષેત્રની સતત વધતી ભાગીદારી મારફતે દેશમાં સૌથી વધુ પ્રગતિશીલ સ્ટાર્ટઅપ સ્થાનો પૈકી એક બનવા અગ્રેસર છે.

'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' અને 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' યોજનાઓ વર્ષ 2016માં શરૂ થઈ હતી. અત્યાર સુધી 80 હજારથી વધારે સ્ટાર્ટઅપની નોંધણી થઈ ચૂકી છે તથા આશરે 100 યુનિકોર્ન અસ્તિત્વમાં આવ્યા છે. સારી બાબત એ છે કે તેમાંથી 48 ટકાથી વધારે સ્ટાર્ટઅપ મહિલાઓનાં છે.

## સ્ટેન્ડ અપ ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજના હેઠળ 7 વર્ષમાં 80 હજાર સ્ટાર્ટઅપ નોંધાયા



ગૃહમંત્રી હર્ષ સંઘવીએ હાજર રહી વિવિધ સ્ટાર્ટઅપ વિશે માહિતી મેળવી.

### હવે ધાન- કઠોળની ક્વોલિટી જાણી શકાશે

જ્યારે આપણે ઘઉં, ચોખા વગેરેની ખરીદી કરવા જઈએ છીએ ત્યારે આપણે મુઠ્ઠી ભરીને ધાનની તપાસ કરીએ છીએ, પરંતુ તેમાં આપણને તેની ક્વોલિટીની જાણ થતી નથી. અમદાવાદના એક સ્ટાર્ટઅપે 'ઉપજાઉ' પ્રોજક્ટ તૈયાર કર્યો છે. એપ્લિકેશન બેઈઝ ડિવાઈઝમાં તમે ધાન કે કઠોળના સેમ્પલને નાખતાં તેની તમામ માહિતી તમને મોબાઈલ એપમાં આવશે. જેમ કે સેમ્પલ કેટલું છે, તેમાં કયા દાણા ખરાબ છે, કેટલા પર કાળા ડાઘ છે, તેમાં કચરું કેટલું છે વગેરે જેવી બાબતો જણાવી આપશે. આ માહિતીને આધારે વેપારી કે મોટા પ્રમાણમાં ખરીદી કરનારા લોકોને જથ્થામાં રહેલા ધાન કે કઠોળની ક્વોલિટીની માહિતી મળી જશે.

### 'હેલ્ધી નારી' સેનેટરી પેડ 9 કલાક સુધી ચાલશે

મહિલાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા સેનેટરી નેપકીન 4થી 5 કલાક ચાલે છે, પરંતુ 'હેલ્ધી નારી' સ્ટાર્ટઅપ દ્વારા તૈયાર કરાયેલું સેનેટરી નેપકીન 9 કલાક સુધી પ્રવાહી શોષી શકે છે અને તેનાથી કોઈ આડઅસર પણ થતી નથી. સ્ટાર્ટઅપના ફાઉન્ડર અનુજ રાઠોડે જણાવ્યું કે, અમે તૈયાર કરેલું પેડ પ્યોર કોટન અને બાયોડિગ્રેબલ પેપરમાંથી તૈયાર થયું છે. અત્યાર સુધી 70 હજાર પેડનું અમે વેચાણ કર્યું છે. અમે માર્કેટ કરતાં ભાવ ઓછો રાખ્યો છે. આ પેડની કોઈ આડઅસર નથી, કારણ કે તેમાં કોઈ હાનિકારક તત્ત્વોનો ઉપયોગ કર્યો નથી.